# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-12-2024 Evening : 7.50 to 8.00
Day : Thursday National News

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

****************************************************

1) ડૉ. આંબેડકર પર કરેલી ટિપ્પણીને કારણે આજે બીજા દિવસે પણ સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત.
2) ભારતીય જનતા પાર્ટીએ આજે સંસદમાં પક્ષના બે સાંસદોને થયેલી ઇજાઓને કારણે રાહુલ ગાંધી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી – કોંગ્રેસે પણ વળતી ફરિયાદ કરી.
3) રાજ્યસભાના ઉપસભાપતિએ અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ લાવવામાં આવેલ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો.
4) વિદેશ સચિવ વિક્રમ મિસ્રી આવતીકાલથી મોરેશિયસની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે જશે.
5) સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આધુનિક યુદ્ધની બદલાતી પદ્ધતિઓ સાથે તાલમેલ જાળવી રાખવા માટે ઉચ્ચતમ ટેક્નોલોજી અપનાવવા પર ભાર મૂક્યો.
6) આઇસીસીએ આવતા વર્ષે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટની આયોજન અંગે સમજૂતી કરી.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**PROCEEDINGS OF BOTH HOUSES ADJOURNED**

ગૃહમંત્રી અમિત શાહે ડૉ. બી.આર. આંબેડકર પર કરેલી ટિપ્પણીને કારણે આજે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. વહેલી સવારે સ્થગિત કર્યા બાદ લોકસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યે ફરી શરૂ થઈ ત્યારે કોંગ્રેસ, ડીએમકે, સમાજવાદી પાર્ટી અને અન્ય વિપક્ષી સાંસદો ગૃહની મધ્યમાં એકઠા થયા હતા. કેટલાક સભ્યો ગૃહમંત્રી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતી ગૃહની મધ્યમાં પહોંચી ગયા હતા. હોબાળા વચ્ચે સભાપતિએ ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

આવું જ દ્રશ્ય રાજ્યસભામાં પણ જોવા મળ્યું હતું. બપોરે 2 વાગ્યે સ્થગિત કર્યા પછી ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે સંસદ ભવન સંકુલમાં વિરોધ દરમિયાન ભાજપના બે સાંસદો ઘાયલ થયા હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ભાજપના સાંસદ ફેગનન કોન્યાકે આરોપ લગાવ્યો કે સંસદની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ તેમની સાથે ગેરવર્તન કર્યું.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ આ ઘટના માટે શ્રી ગાંધી અને કોંગ્રેસ પાસેથી માફીની માંગ કરી હતી, જેમાં ભાજપના બે સાંસદો ઘાયલ થયા હતા. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે શ્રી ગાંધીના વર્તનથી સંસદની ગરિમા ઘટી છે.
ડીએમકેના તિરુચિ સિવાએ રાહુલ ગાંધીએ ભાજપના સાંસદોને ધક્કો માર્યાના આરોપોને નકારી કાઢ્યા હતા. તેમણે કહ્યું કે શાસક પક્ષ જે કંઈ પણ કહી રહ્યો છે તે સિક્કાની એક બાજુ છે. તેમણે કહ્યું કે સંસદ ભવનમાં પ્રવેશ કરતી વખતે રાહુલ ગાંધીને ધક્કો મારવામાં આવ્યો હતો.

## BJP-CONGRESS COMPLAINT

ભારતીય જનતા પાર્ટીએ આજે સંસદ ભવનમાં વિરોધ પ્રદર્શન દરમિયાન પક્ષના બે સાંસદોને મારપીટ અને ઉશ્કેરણીને કારણે થયેલી ઈજાઓ અંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી વિરુદ્ધ દિલ્હી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ભાજપના

વરિષ્ઠ નેતા અનુરાગ ઠાકુરે કહ્યું કે સંસદ માર્ગ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી તેમની ફરિયાદમાં તેમણે આજે સંસદની બહાર બનેલી ઘટનાનો વિગતવાર ઉલ્લેખ કર્યો છે.

(બાઈટ - અનુરાગ ઠાકુર)

બીજી તરફ કોંગ્રેસના સાંસદોનું એક પ્રતિનિધિમંડળ પણ પોલીસ મથકે પહોંચ્યું હતું અને વળતી ફરિયાદ નોંધાવી હતી. પાર્ટીના વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહે કહ્યું કે પાર્ટી બીઆર આંબેડકરની પ્રતિમાથી સંસદના મકર દ્વાર સુધી વિરોધ કૂચ કાઢવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરંતુ ભાજપના નેતાઓ ત્યાં એકઠા થયા અને હંગામો મચાવવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું કે આ ઘટનામાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પડી ગયા અને તેમના બંને ઘૂંટણમાં ઈજા થઈ. શ્રી દિગ્વિજય સિંહે આક્ષેપ કર્યો હતો કે આ ડૉ બીઆર આંબેડકર વિરુદ્ધ કરવામાં આવેલી કથિત અપમાનજનક ટિપ્પણીઓથી લોકોનું ધ્યાન હટાવવાનો પ્રયાસ હતો.

**SHIVRAJ - RAHUL**

ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર સંસદ ભવન સંકુલમાં **NDA** સાંસદો સાથે ગેરવર્તન કરવાનો આરોપ લગાવ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા શિવરાજ સિંહ ચૌહાણે પક્ષના મુખ્યાલય ખાતે એક પત્રકાર પરિષદમાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર ભાજપના બે સાંસદોને ઈજા પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું કે ભાજપના સાંસદ પ્રતાપ સારંગી ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ચૌહાણે કહ્યું કે પાર્ટીના અન્ય સાંસદ મુકેશ રાજપૂત પણ ઘાયલ થયા છે. શ્રી ચૌહાણે કહ્યું કે આદિવાસી સાંસદ ફાંગનોન કોન્યાક સાથે અન્યાયી વર્તન કરવામાં આવ્યું હતું અને તેમણે આ અંગે રાજ્યસભાના અધ્યક્ષને ફરિયાદ કરી છે.

બીજી તરફ કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપ અદાણી ગ્રુપ સામે લાંચના આરોપોને છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. ડૉ.આંબેડકર પર ગૃહમંત્રીની

ટિપ્પણી જેવા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવાનો પ્રયાસ, સાંસદો સાથે ગેરવર્તણૂકના આરોપો પર, શ્રી ગાંધીએ કહ્યું કે ભાજપના સાંસદો સંસદભવનના પ્રવેશદ્વારની સામે ઉભા હતા અને તેમને પ્રવેશવા દેતા ન હતા.

## RAJYA SABHA-NO CONFIDENCE MOTION

રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશે અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ લાવવામાં આવેલ અવિશ્વાસ પ્રસ્તાવને ફગાવી દીધો છે. વિરોધ પક્ષોએ અધ્યક્ષ વિરુદ્ધ પક્ષપાતી રીતે કામ કરવાનો આરોપ લગાવીને અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી હતી. ઉપાધ્યક્ષે તેને અયોગ્ય, ગંભીર રીતે ખામીયુક્ત અને અધ્યક્ષ જગદીપ ધનખડની પ્રતિષ્ઠાને કલંકિત કરવાનો પ્રયાસ કરવા માટે ઉતાવળમાં રજૂ કરેલ ઠરાવ તરીકે વર્ણવ્યું હતું.

તેમણે કહ્યું કે તેનો ઉદ્દેશ્ય બંધારણીય સંસ્થાઓને નુકસાન પહોંચાડવાનો છે. આ મહિનાની 10મી તારીખે, ઓછામાં ઓછા 60 વિપક્ષી સભ્યોએ શ્રી ધનખડને તેમના પદ પરથી હટાવવાની નોટિસ પર સહી કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

## FOREIGN SECRETARY, MAURITIUS

વિદેશ સચિવ વિક્રમ મિસ્રી આવતીકાલથી મોરેશિયસની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે જશે. પ્રધાનમંત્રી નવીનચંદ્ર રામગુલામના નેતૃત્વમાં મોરેશિયસમાં

નવી સરકારની રચના બાદ ભારત અને મોરેશિયસ વચ્ચે આ પ્રથમ ઉચ્ચસ્તરીય દ્વિપક્ષીય મંત્રણા હશે. આ મુલાકાત બંને દેશો વચ્ચે નિયમિત ઉચ્ચસ્તરીય આદાનપ્રદાનનો સિલસિલો છે.

ભારત અને મોરેશિયસ સહિયારા ઇતિહાસ, સંસ્કૃતિ અને પરંપરા પર આધારિત વર્ષો જૂના સંબંધો છે. બંને દેશો વચ્ચે અનેક ક્ષેત્રોમાં સહયોગનો સંબંધ પણ છે. આ મુલાકાત મોરેશિયસ સાથે ભારતના દ્વિપક્ષીય સંબંધોને વધુ આગળ વધારવાની તક હશે.

## DEFENCE MINISTER RAJNATH SINGH

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે આધુનિક યુદ્ધની બદલાતી પદ્ધતિઓ સાથે તાલમેલ જાળવી રાખવા માટે ઉચ્ચતમ ટેક્નોલોજી અપનાવવા પર ભાર મૂક્યો છે.

આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમને સંબોધતા સંરક્ષણમંત્રીએ કહ્યું કે દેશ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યો છે.

(બાઈટ-રાજનાથ સિંહ)

શ્રી સિંહે કહ્યું કે દેશ હથિયારોની નિકાસ કરી રહ્યો છે જે તે એક સમયે આયાત કરતો હતો. તેમણે આનો શ્રેય જાહેર અને ખાનગી ક્ષેત્ર, શિક્ષણવિદો અને ઈનોવેટર્સના સંયુક્ત પ્રયાસોને આપ્યો.

## AMIT SHAH JAMMU KASHMIR MEETING

ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીમાં ઉચ્ચસ્તરીય સુરક્ષા બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા છે. આ બેઠકમાં જમ્મુ અને કાશ્મીરની સ્થિતિ પર વિશેષ ભાર મૂકવાની સાથે મુખ્ય સુરક્ષા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ બેઠકનો ઉદ્દેશ્ય જમ્મુ-કાશ્મીરમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવા માટેની વ્યૂહરચનાઓની સમીક્ષા કરવાનો છે. જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, કેન્દ્રીય

ગૃહ સચિવ ગોવિંદ મોહન, આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી, અને અન્ય અધિકારીઓ બેઠકમાં હાજર છે.

## RAJYA SABHA - BANGLADESH

કેન્દ્ર સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓના ઘરો અને વેપારી સંસ્થાઓ, મંદિરો અને ધાર્મિક સ્થળો પર હુમલા અને હિંસાની ઘટનાઓને ગંભીરતાથી લીધી છે.

વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે આજે રાજ્યસભામાં જણાવ્યું હતું કે સરકારે આ ઘટનાઓ પર પોતાની ચિંતા બાંગ્લાદેશ સરકારને પણ કરી છે.

શ્રી સિંહે જણાવ્યું હતું કે બાંગ્લાદેશ સરકારે લઘુમતી સંબંધિત હિંસાના સંબંધમાં અત્યાર સુધીમાં 70 લોકોની ધરપકડ કરી છે અને 88 કેસ નોંધ્યા છે.

તેમણે કહ્યું કે બાંગ્લાદેશ સરકારની પ્રાથમિક જવાબદારી લઘુમતીઓ સહિત બાંગ્લાદેશના તમામ નાગરિકોના જીવનની સુરક્ષા કરવાની છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે ભારતને આશા છે કે બાંગ્લાદેશ સરકાર હિંદુઓ અને અન્ય લઘુમતીઓની સુરક્ષા અને કલ્યાણ માટે તમામ જરૂરી પગલાં લેશે.

શ્રી સિંહે જણાવ્યું હતું કે આ વર્ષે 9 ડિસેમ્બરે બાંગ્લાદેશના વિદેશ સચિવની મુલાકાત દરમિયાન પણ આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો.

## LS - GREEN HIGHWAYS

માર્ગ, પરિવહન અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે ગ્રીન હાઈવે પોલિસી 2015 મુજબ તમામ નેશનલ હાઈવે પ્રોજેક્ટ વિસ્તારોમાં વૃક્ષારોપણ કરવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં 62 હજાર કિલોમીટરથી વધુ રાષ્ટ્રીય ધોરીમાર્ગોમાં રોપાઓ વાવવામાં આવ્યા છે. શ્રી ગડકરીએ આજે લોકસભામાં જણાવ્યું હતું કે ગ્રીન હાઈવે નીતિ વૃક્ષારોપણ, નર્સરી વિકાસ, જાળવણી અને સંબંધિત

પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર સંખ્યામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરશે. તેમણે કહ્યું કે આ તકો મુખ્યત્વે ગ્રામીણ સમુદાયોને લાભ કરશે.

## C R PATIL

કેન્દ્રિય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે આજે જણાવ્યું હતું કે સરકાર એવા રાજ્યો સાથે મળીને કામ કરી રહી છે જ્યાં ગ્રામીણ પરિવારોને હજુ સુધી 100 ટકા નળના પાણીના જોડાણો પૂરા પાડવામાં આવ્યા નથી.

નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદમાં શ્રી પાટીલે કહ્યું કે હજુ પણ ચાર કરોડ ઘરો એવા છે કે જેમની પાસે નળના પાણીના જોડાણ નથી. મંત્રાલયે સંબંધિત રાજ્યો સાથે ચર્ચા કરીને નળના પાણીના જોડાણની જોગવાઈને ઝડપી બનાવવા વિનંતી કરી છે. જળ જીવન મિશન વિશે વાત કરતાં શ્રી પાટીલે કહ્યું કે આ મિશનથી ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીને પ્રોત્સાહન મળ્યું છે અને સ્થળાંતર પણ ઘટ્યું છે.

## ICC CHAMPIONS TROPHY

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ- ICC આવતા વર્ષે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટના આયોજન અંગે સમજૂતી કરી છે. આ સમજૂતી મુજબ, આઠ ટીમોની આ ટુર્નામેન્ટ માટે ભારતની મેચો પાકિસ્તાનને બદલે તટસ્થ દેશમાં યોજવામાં આવશે. ભારત ICC ટુર્નામેન્ટની યજમાની કરે છે ત્યારે પાકિસ્તાનની મેચો પણ ભારતની બહાર યોજાશે.

આ કરાર 2025માં પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી, 2025માં ભારતમાં મહિલા એકદિવસીય ક્રિકેટ વિશ્વ કપ અને 2026માં ભારત અને શ્રીલંકા દ્વારા સંયુક્ત રીતે યોજાનાર ટ્વેન્ટી20 ક્રિકેટ વિશ્વ કપ પર પણ લાગુ થશે.